# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧
:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com
web :-www.suratdeo.org

ક્રમાંક:મા-૩/પેન્શન/૨૦૨૬/ 7620 તા. 08/05/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તેમજ અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ-સુરત.

**વિષય :** પેન્શન કેસ રજૂ કરવા બાબત.

**સંદર્ભ :** ૧. પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ-૪૬૦૯૪૧, તારીખ :-૧૩/૦૩/૨૦૨૬.
૨. અત્રેની કચેરીનાં જાવક નં.મા-૩/પેન્શન/૨૦૨૬/૫૪૩૦, તા-૧૩/૦૪/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨નાં નિયમ-૧૨૮(૧) મુજબ નિવૃત થનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીનો પેન્શન કેસ નિવૃતનાં ૨૪ માસ પહેલા તૈયાર કરવાનો રહે છે અને નિયમ-૧૨૮ (૨) મુજબ બાર માસ અગાઉ પેન્શનનાં કાગળો પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરને મોકલવાના હોય છે. આ નિયમોને ધ્યાને લઇ જે કર્મચારી **તા-૩૧/૦૫/૨૦૨૭નાં (મે-૨૦૨૭નાં માસ દરમિયાન નિવૃત થતાં તમામ કર્મચારીઓ)નાં** પેન્શન કેસ તૈયાર કરી અત્રેની કચેરીને **તા-૨૦/૦૬/૨૦૨૬** સુધીમાં મળી રહે તે મુજબ **બે-નકલમાં રજૂ કરવા** આથી જણાવવામાં આવે છે. જો નિયત સમયમર્યાદામાં પેન્શન કેસ રજૂ કરવામાં વિલંબ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાનાં આચાર્યશ્રી અને શાળા મંડળની પોતાની રહેશે. જેની ગંભીર નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.